# એડમિશન કમીટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ટેકનીકલ)

ACPC

એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## પ્રથમ વર્ષ ડિગ્રી/ડિપ્લોમાં ફાર્મસી અભ્યાસક્રમોની સરકારી/અનુદાનીત/સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી પડેલી બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારો માટેનો કાર્યક્રમ

શૈક્ષણિક વર્ષ-૨૦૧૮-૨૦૧૯ ની ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૦૭-૦૯-૨૦૧૮ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. સદર પ્રક્રિયા બાદ સરકારી/અનુદાનીત/સ્વનિર્ભર ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી સંસ્થાઓ ખાતે 'ખાલી રહેલી બેઠકો' શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા અન્વયે ભરવાની થાય છે. જેનાં અનુસંધાને પ્રવેશ સમિતિ ખાતે ઓફલાઈન રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ બાદ સરકારી/અનુદાનીત/સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે 'ખાલી રહેલી બેઠકો' ની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર તા. ૨૦-૦૯-૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આવી બેઠકો માટે સરકારી/અનુદાનીત/સ્વનિર્ભર સંસ્થાઓએ સંસ્થાસ્તરે નીચે મુજબની કાર્યરીતિને ચુસ્ત રીતે અનુસરીને ભરવાની રહેશે. ખાલી રહેલી બેઠકો માટે જે ઉમેદવારોએ પ્રવેશ વર્ષ-૨૦૧૮ ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત અગાઉ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવા ઉમેદવારોએ રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ લેવાની રહેશે. જે ઉમેદવારોએ નીચે બતાવેલ પસંદગી યાદી (૨) થી (૫) માં આવતા હોય અને અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય અને જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોને નીચે દર્શાવેલ કોટક મહિન્દ્રા બેંકની બ્રાંચમાંથી રોકડેથી રૂા. ૩૫૦/- (નોન રીફન્ડેબલ) આપી પીન મેળવી હેલ્પ સેન્ટર ખાતે વેબસાઈટ : www.gujacpc.nic.in ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યાર બાદ વિદ્યાર્થીઓએ પોતાનું રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રો જોડી જે તે સરકારી/અનુદાનીત/સ્વનિર્ભર સંસ્થા ખાતે પ્રવેશ મેળવવો હોય તે સંસ્થા ખાતે નિયત સમય મર્યાદામાં જમાં કરાવવાનું રહેશે. **ખાલી રહેલી જગ્યાઓ માટે નીચે મુજબનાં અગ્રતાક્રમથી ઉમેદવારોની પસંદગી કરવાની રહેશે :**

(૧) પ્રવેશ વર્ષ-૨૦૧૮ ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ હોય અને પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં સમાવિષ્ટ હોય

(૨) ગુજરાત રાજ્યમાંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ હોય અને GUJCET-2018 પ્રાવેશીક પરીક્ષા આપેલ હોય તેમજ નીચે દર્શાવેલ સમયમર્યાદામાં નવુ રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવા ઉમેદવારો.

(૩) અન્ય રાજ્યમાંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ તથા GUJCET-2018 પ્રાવેશીક પરીક્ષા આપેલ હોય

(૪) AICTE, New Delhi ની ગાઈડ લાઈન પ્રમાણે લઘુત્તમ લાયકાત સાથે ડિપ્લોમા ફાર્મસી / ડિગ્રી સાયન્સની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ ઉમેદવારો.

(૫) બોર્ડ માંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ પરંતુ GUJCET-2018 પ્રાવેશીક પરીક્ષા ન આપેલ હોય તેવા ઉમેદવારો.

ખાલી રહેલી બેઠકો ઉપર જે વિદ્યાર્થી નિર્ધારીત સમયગાળામાં રજીસ્ટ્રેશન કરેલ હશે નહી તેવા ઉમેદવાર પ્રવેશ માટે લાયક રહેશે નહી. ખાલી રહેલ બેઠકો માટે ઉપરોક્ત કાર્યરીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને સંસ્થા દ્વારા પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ સ્વિકાર્યાની રીસીપ્ટ આપવાની રહેશે. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી કરી, સંસ્થાસ્તરે નીચે મુજબનાં સમયગાળા દરમ્યાન દર્શાવેલી કાર્યવાહી કરવાની રહેશે. સંસ્થા સ્તરેથી જે તે વિદ્યાર્થીને પ્રવેશ કાર્યવાહીનો કાર્યક્રમ અગાઉથી જાણ કરવાનો રહેશે. જે તે સંસ્થાના પ્રવેશ કાર્યક્રમ અનુસાર ઉમેદવારે સ્વખર્ચે જે તે સંસ્થા ખાતે જવાનું રહેશે. અગાઉનો પ્રવેશ સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ પ્રવેશ રદ્દ થતા ઉમેદવારોને ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ "Cancellation of Admission and Refund of Fee" પ્રમાણે થશે.

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૨૪-૦૯-૨૦૧૮ થી ૨૭-૦૯-૨૦૧૮ | પીન વિતરણ - ખાલી રહેલ બેઠકોના રજીસ્ટ્રેશન માટે |
| ૨. | ૨૪-૦૯-૨૦૧૮ થી ૨૭-૦૯-૨૦૧૮ | ખાલી રહેલ બેઠકો માટે રજીસ્ટ્રેશન કરી રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ જે તે સંસ્થા ખાતે જમાં કરવાની કાર્યવાહી (વેબસાઈટ : www.gujacpc.nic.in) |
| ૩. | ૨૫-૦૯-૨૦૧૮ | ખાલી બેઠકોની યાદી પ્રવેશ સમિતિ તથા જે તે સ્વનિર્ભર સંસ્થાના નોટિસ બોર્ડ/વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ |
| ૪. | ૨૮-૦૯-૨૦૧૮ | ખાલી રહેલ બેઠકો માટે રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ જમાં કરાવેલ ઉમેદવારનું જે તે સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ પ્રસિધ્ધ કરવું. |
| ૫. | ૦૩-૧૦-૨૦૧૮ | જે-તે સરકારી / અનુદાનીત / સ્વનિર્ભર સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ તથા રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ જમાં કરાવેલ ઉમેદવારો માટે રૂબરૂ પ્રવેશની પ્રક્રિયાની અંતિમ તારીખ. |

### કોટક મહિન્દ્રા બેંકની નિર્ધારીત શાખાઓ

(૧) સ્વામીનારાયણ મંદિર રોડ, મણીનગર, **અમદાવાદ**-૩૮૦૦૦૮, (૨) ક્લ્પના કોમ્પ્લેક્ષ, મેમનગર ફાયર સ્ટેશન પાસે, નવરંગપુરા, **અમદાવાદ**-૩૮૦ ૦૦૯, (૩) ગ્રાઉન્ડ ફ્લોર, સ્ટર્લિંગ સેન્ટર, તખતેશ્વર પ્લોટ, વાઘવાડી રોડ, **ભાવનગર**-૩૬૪૦૦૧, (૪) જ્યુબીલી કોલોની, બ્લોક-૨, **ભુજ**-૩૭૦૦૦૧, (૫) રાજેન્દ્ર એસ્ટેટ, ગાયત્રી મંદિર સામે, સ્ટેટ હાઈવે, **મહેસાણા**-૩૮૪ ૦૦૨, (૬) શ્યામ બિલ્ડીંગ, ૮૦ ફુટ રોડ, નાગરીક બેંક ચોક, ભક્તિ નગર, **રાજકોટ**-૩૬૦ ૦૦૨, (૭) સુર્યા પ્લાઝા, ઉધના દરવાજા, રીંગ રોડ, **સુરત**-૩૯૫ ૦૦૨, (૮) જી-૧, મંગલદીપ, હિરાબાગ, વરાછા રોડ, **સુરત**-૩૯૫ ૦૦૬, (૯) એ-૯, સહયોગ પ્લાઝા, ડિલક્ષ ચાર રસ્તા, નિઝામપુર, **વડોદરા**-૩૯૦૦૦૨,

પ્રવેશ મળ્યેથી તે જ સમયે ટ્યુશન ફી રોકડમાં પ્રવેશ મળેલ સંસ્થા ખાતે ભરવાની રહેશે. પ્રવેશ કાયમ કરાવવા માટે જરૂરી અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે સાથે રાખવાના રહેશે, પરંતુ અસલ પ્રમાણપત્રો જમાં કરાવવાની જરૂરીયાત નથી, જેની નોંધ લેવી.

**તા. ૨૦-૦૯-૨૦૧૮** **— મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર : ૦૭૯-૨૬૫૬૬૦૦૦**